# 15th round of Foreign Office Consultations between India and Singapore

August 11, 2021

---

# ભારત અને સિંગાપોર વચ્ચે ફોરેન ઓફિસ કન્સલ્ટેશનનો 15મો રાઉન્ડ

ઓગસ્ટ 11, 2021

ભારત અને સિંગાપોર ફોરેન ઓફિસ કન્સલ્ટેશનનો 15મો રાઉન્ડ 11 ઓગસ્ટ 2021ના રોજ યોજાયો હતો. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ રિવા ગાંગુલી દાસ, સેક્રેટરી (ઈસ્ટ), વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું. સિંગાપોરના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ચી વી કિયોંગ, પર્મેનન્ટ સેક્રેટરી, વિદેશ મંત્રાલય, સિંગાપોર દ્વારા કરવામાં આવ્યું હતું.

2. બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને એ બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો કે મહામારી હોવા છતાં દ્વિપક્ષીય સંબંધોમાં, ખાસ કરીને વ્યાપાર અને સંરક્ષણ સહકારમાં નોંધપાત્ર પ્રમાણમાં બાબતો અને સામગ્રી ઉમેરવામાં આવી છે. પ્રતિનિધિમંડળે બંને પક્ષો વચ્ચે આર્થિક જોડાણને વધુ મજબુત બનાવવા માટે વિવિધ ઉપાયોની વિચારણા કરી હતી. પ્રવાસના નિયંત્રણો હળવા બનાવવા તથા લોકોથી લોકો વચ્ચે સંપર્ક ફરી શરૂ કરવા અંગે પણ ચર્ચા થઈ હતી. સેક્રેટરી (ઈસ્ટ)એ કોવિડની બીજી લહેર વખતે પૂરી પાડવામાં આવેલી મદદ બદલ સિંગાપોરનો આભાર માન્યો હતો.

3. આસિયાન -ભારત સંબંધો અને ઈન્ડો -પેસિફિકમાં ભારત સિંગાપોર સહયોગના મુદ્દે પણ ચર્ચા થઈ હતી. ત્રણ વર્ષના ગાળા માટે (2021-2024) આસિયાન ખાતે સિંગાપોર એ ભારત માટે કન્ટ્રી કોઓર્ડિનેટરની કામગીરી સંભાળી છે. આ પ્રદેશમાં આંતરરાષ્ટ્રીય અને વ્યૂહાત્મક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરાયું હતું.

4. આ વાતચીત મૈત્રીપૂર્ણ અને સહયોગપૂર્ણ વાતાવરણમાં થઈ હતી. બંને પક્ષો પરસ્પર અનુકુળ તારીખે વાટાઘાટનો આગામી રાઉન્ડ યોજવા સહમત થયા હતા.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 11, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.